પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર
પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦કંટ્રોલરૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક: જી/સીપી/ફટાકડા જાહેરનામુ/૪૫૮૯/૨૦૨૦ તા. ૭ /૧૧/૨૦૨૦

:-જાહેરનામુ :-

**ફોજદારી કાર્યનિતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ.૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ.૩૩(૧)(બી)(યુ) અન્વયે કાઢેલ હુકમ.**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં દિવાળીના તહેવાર તથા અન્ય તહેવાર નીમીતે જાહેર જનતાને ભયજનક/હાનીકારક પર્યાવરણ તથા ધ્વનિ પ્રદુષણની વિપરીત અસરથી બચાવવા માટે ફટાકડા ઉત્પાદન/વેચાણ તથા ફટાકડા ફોડવા માટે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પિટીશન નં. ૭૨૮/૨૦૧૫ ના કામે તા.૨૩/૧૦/૨૦૧૮ ના રોજ તથા તા.૩૦/૧૦/૨૦૧૮ ના રોજ ચોકકસ દિશા નિર્દેશો કરેલ છે. તેના અમલીકરણ માટે તથા દિવાળી તથા અન્ય તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માત તથા જાનહાની ના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતિ અને તેઓને અગવડ ન પડે તે માટે વડોદરા શહેર વિસ્તારમાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા વપરાશ ઉપર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

:- હુકમ :-

આથી, હું આર.બી.બ્રહ્મભટ્ટ, આઇ.પી.એસ, પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને., ૧૯૭૩ (૧૯૭૪) ના નં.૨) ની કલમ ૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનયમ સને ૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (બી),(યુ) મળેલ સતાની રૂએ વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હદ વિસ્તારમા નીચે મુજબના કૃત્યોનુ ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવુ છુ.

:- પ્રતિબંધિત કૃત્યો :-

- હાલમાં ચાલી રહેલ કોવીડ-૧૯ અનુસંધાને ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા બહાર પાડવમાં આવેલ આદેશો તથા અત્રેથી બહાર પાડેલ જાહેરનામાંઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) વડોદરા શહેર કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં દિવાળી તહેવારો દરમ્યાન રાત્રીના કલાક:૨૦/૦૦ થી કલાક:૨૨/૦૦ સુધી ફટાકડા ફોડી શકાશે

(૨) હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વની સ્તર (Decibel Level) વાળા જ ફટાકડા વેચી / વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત/ માન્ય ફટાકડાના દરેક બોક્ષ ઉપર "PESO" ની સુચના પ્રમાણેંનુ માર્કીંગ હોવુ જરૂરી છે.

(૩) કોઇપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૪) ઇ-કોમર્સ વેબસાઇટ ફ્લીપકાર્ડ એમેઝોન સહિતની કોઇપણ ઇ-કોમર્સ વેબસાઇટ ફટાકડા વેચાણ માટે ઓનલાઇન ઓર્ડર લઇ શકાશે નહિ. ઓનલાઇન વેચાણ કરી શકાશે નહી.

(૫) લોકોને અગવડ ઉભી ન થાય કોઇપણ ભયજનક પરિસ્થિતીઓનુ નિર્માણ ન થાય તે માટે વડોદરા શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપો, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ , એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઇમથકની નજીક ફટાકડા દારૂખાનુ ફોડી શકાશે નહી.

(૬) કોઇપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાયનીઝ તુક્કલ/ આતશબાજી બલુન) નુ ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી. તેમજ કોઇપણ સ્થળે ઉડાડી શકાશે નહી.

(૭) વડોદરા શહેર જાહેર રસ્તા / રોડ તથા ફૂટપાથ ઉપર દારૂખાનુ /ફટાકડા ફોડવા/ સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૮) વડોદરા શહેરના જાહેર રસ્તાઓ / રોડ તથા ફૂટપાથ ઉપર બોમ્બ / રોકેટ / હવાઇ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય, તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફૂટપાથ ઉપર કે કોઇ વ્યક્તિ ઉપર કે જાહેરમાં છુટા ફેકવા ઉપર.

(૯) વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પિટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં ફટાકડા / દારૂખાનુ ફોડવા ઉપર.

(૧૦) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણીક કારખાના આવેલ હોય, તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

:- **પ્રતિબંધિત વિસ્તાર** :-

વડોદરા શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

:- **અમલવારી** :-

આ જાહેરનામાનો અમલ તારીખ: ૧૧/૧૧/૨૦૨૦ થી ૧૯/૧૧/૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

:- **શિક્ષા** :-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ફોજદારી અધિનિયમ સને.૧૮૬૦ ની કલમ.૧૮૮ તેમજ જી.પી. એક્ટની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે વડોદરા શહેર કમિશ્નરેટમા ફરજ બજાવતા અધિક પોલીસ કમિશ્નરશ્રીથી પોલીસ સબ ઇન્સ્પેક્ટરશ્રી સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ તથા જી.પી. એક્ટની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામા આવે છે.

:- **જાહેર વિજ્ઞપ્તિ** :-

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય, આથી એક તરફી આદેશ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, દૂરદર્શન કેન્દ્રો મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પો.સ્ટે., **મ.પો.કમિ. અને ના.પો.કમિ.તથા પોલીસ કમિશ્નરની કચેરીના નોટીસ બોર્ડ** ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ.૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ:- ૭ - માહે નવેમ્બર – ૨૦૨૦ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામા આવેલ છે.

પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

(આર.બી.બ્રહ્મભટ્ટ)
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઈન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ

(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ

(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

જયભારતસહ નકલ રવાના :-

(૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા

(૨) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા

(૩) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.

(૪) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.

(૫) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા

(૬) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.

(૭) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.

(૮) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.

(૯) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.

(૧૦) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)

(૧૧) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.

(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.

(૧૩) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.